જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૬/૨૦૨૩ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૩૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૧૨૫ લીટર દેશી દારૂ, ૪૪૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૫૧૬ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૧,૭૧૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૦૩૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૦૩૬/૨૦૨૩

**ગુજરાત યુનિવર્સીટીઃ** આશીષભાઇ રમેશભાઇ રાવલ (ઉ.વ.૪૨)(રહે. સુખસાગર ફ્લેટ, સેફરોન રેસ્ટોરન્ટની બાજુમાં, ડ્રાઇવ-ઇન રોડ, મેમનગર) એ તા.૨૬/૦૬/૨૦૨૩ ના રોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આંબાવાડી સી.એન. વિદ્યાલય સામે, પ્રેસીડેંટ હાઉસ, છઠ્ઠો માળ "હોલીડે ટ્રીપ" ખાતે ઓફીસ ધરાવી ભારતમાં તથા અલગ-અલગ દેશોમાં ટુર એરેન્જ કરતા આરોપી (૧) ભુપેશ ઉર્ફે ભાવેશ બાલક્રિષ્ણ ઠક્કર (રહે,ચિનાર બંગલોઝ, પેજ-૩ રેસ્ટોરન્ટની બાજુમાં, વસ્ત્રાપુર) (૨) નિલમ શર્મા અને (૩) વંદના શર્મા એ ભેગા મળી વિજ્ઞાપન આપતા માહે એપ્રીલ/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન "હોલીડે ટ્રીપ" સંચાલકોએ આશીષભાઇ તથા અન્ય સાહેદોને હોટલ બુકીંગના બોગસ વાઉચરો આપી અને બોગસ એરટીકીટ આપી, તેમજ સ્થાનિક ટ્રાન્સપોર્ટેશન સાથેનુ પેકેજ હોવાનુ કહી વિશ્વાસમાં લઈ, હોલીડે સ્થળોએ કોઇ સગવડો નહી આપી, સાહેદ ભાવિકભાઇ પ્રભુલાલ જૈન નાઓના ક્રેડીટ કાર્ડથી એરટીકીટ બુકીંગ કરવાનુ જણાવી, જે બુકીંગમાં મળતી નફાની રકમ અને બુકીંગના જે પૈસા થશે તે દુબઇ ખાતે "દિરહામ" માં કન્વર્ટ કરી આપવાનુ જણાવી, કોઇ રૂપિયા પરત નહીં આપી, આશીષભાઇ તથા અન્ય સાહેદોના મળી કુલ રૂપિયા ૨૪,૫૪,૦૮૭/- મેળવી લઇ તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

**આનંદનગરઃ** મુકેશભાઇ બાબુભાઇ મહેતા (ઉ.વ.૫૭)(રહે,આર.કે.પાર્ક સોસાયટી, બંધન પાર્ટી પ્લોટની બાજુમાં શ્રધ્ધા સ્કુલની બાજુમાં જોધપુર ગામ રોડ આનંદનગર) એ તા.૨૬/૦૬/૨૦૨૩ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૪/૨૦૨૨ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઇટ મેડીલીન્ક હોસ્પીટલ સામે પુષ્યક-૬૬ ખાતે આવેલ “રાસી ઓર્નામેન્ટ પ્રા.લી.” તથા “પુજા ઓર્નામેન્ટ પ્રા.લી.” નામના સોના-ચાંદીના દાગીનાના શો-રૂમમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા આરોપી કુલદિપ ઉમાંકાન્ત ઓજા (રહે,સ્વામીનારાયણ પાર્ક વિભાગ-૬ કેનાલ પાસે, નારોલ) એ દર મહિને ત્રણ થી ચાર માણસોના નામો પગાર સ્ટેટમેન્ટમાં બતાવી, તેઓના ખાતામાં વધારાનો પગાર નાખી તેઓ પાસેથી આરોપી કુલદિપે પોતાના બેંક ખાતામાં કુલ રૂપિયા ૨૩,૦૦,૦૦૦/- ટ્રાન્સફર કરાવી લઇ કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.ઝાલા ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૦૩૭/૨૦૨૩

**સાબરમતીઃ** શિતલબહેન વા/ઓ કરણભાઈ ઠાકોર (રહે. ગણેશજી કચરાજીની ચાલી પાવર હાઉસ સાબરમતી) એ તા.૨૬/૦૬/૨૦૨૩ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૫/૨૦૨૩ થી તા.૨૩/૦૬/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરની તીજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧,૧૭,૫૦૦/- અને રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૨,૫૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.મોથલીયા ચલાવે છે.

## ભુલથી એસીડ પી લેતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૦૩૮/૨૦૨૩

**સાબરમતીઃ** બળદેવભાઇ પન્નાલાલ મકવાણા (ઉ.વ.૬૫) (રહે.પાર્વતીનગરની ચાલી સાબરમતી) એ તા.૨૧/૦૬/૨૦૨૩ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ભુલથી પાણીની જગ્યાએ એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૬/૨૦૨૩ કલાક ૧૧/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અરવિંદકુમાર માનાભાઈ ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૧૦૩૯/૨૦૨૩

**રામોલઃ** ભવાની ડો/ઓ મણી નલુસ્વામી શેટીયાર (ઉ.વ.૩૮)(રહે,પુષ્પક મહાદેવ ફ્લેટ, ડુન સ્કુલ સામે ન્યુ મણીનગર રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૬/૨૦૨૩ રાતના ૮/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

**વાસણાઃ** નિકીતાબહેન વા/ઓ ભરતભાઇ મકવાણા (ઉ.વ.૨૬) (રહે. પઠાણની ચાલી યોગેશ્વરનગર ગુપ્તાનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૬/૨૦૨૩ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૬/૨૦૨૩ કલાક ૧૧/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.પરીખ ચલાવે છે.

**બાપુનગરઃ** રવિન્દ્ર જયંતીભાઈ પ્રજાપતિ (ઉ.વ.૩૮) (રહે. ભગવતી કૃપા સોસાયટી ડી માર્ટ સામે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૬/૨૦૨૩ સવારના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૬/૨૦૨૩ કલાક ૩/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી